# સ્વભાવે કદી સાસુ ન બનતી

અત્યારે લગ્નની મોસમ ચાલી રહી છે. સગાંસંબંધીઓની હાજરીમાં જ લગ્ન પ્રસંગ કરવામાં આવે છે, જેનું સામાજિક મહત્ત્વ ખૂબ જ છે. ત્યારે આ હું પોતે પણ મિત્રના નાતે મિત્રના દિકરાના લગ્ન પ્રસંગે જાનમાં ગયો હતો. લગ્નવિધિ પૂરી થઇ. દીકરીને સાસરે વળાવવામાં આવી. અમે સૌ આનંદ વિભોર થઇને ઘરમાં આવતા નવા પાત્રને લઇને નીકળવાની તૈયારી કરી રહ્યાં હતાં.વરરાજા દુલ્હન સાથે કારમાં બેસીને નીકળી ગયાં. અંતમાં હું , મારા મિત્ર કે જેમના દિકરાની જાનમાં હું આવ્યો હતો તે અને અમારા બંનેના ધર્મપત્ની અમે સૌ નીકળવાની તૈયારી કરતા હતા. અમે એકબીજાને આવજો જજો પણ કર્યું. ત્યાં અચાનક મારાથી મારા મિત્રના પત્ની પાસે જવાયું અને મારા મોંઢામાંથી શબ્દો સરી પડયા કે, ક્યારેય સાસુ ન થતી. ” સામા પક્ષે પ્રત્યુત્તર મળ્યો કે, પ્રોમીસ. ક્યારેય સાસુપણું નહીં દાખવું.

ઉપરોક્ત ઘટના પછી વારંવાર મનમાં વિચાર આવવા લાગ્યા કે, મારાથી આવી સલાહ એકાએક કેમ અપાઇ ગઇ ? આજના આધુનિક - ટેકનોલોજીકલ યુગમાં પણ સાસુ-વહુના સંબંધોમાં ખાઇ સતત કેમ જોવા મળે છે. જમાનો ઝડપથી બદલાય છે, પણ સાસુવહુના સંબંધોમાં એટલી ગતિ જોવા મળતી નથી. આજે મોટાભાગે એવું જોવા મળે છે કે, પોતાના દિકરાને પરણાવીને વહુને ઘરમાં આદર-સત્કાર કરતી વખતે દરેક સાસુ કહે છે કે, મારે તો મારા ગરમાં દીકરી આવી. હું મારી વહુને દીકરી કરતાં પણ સવાઇ રાખીશ. તેને સહેજે ઓછું નહીં આવવા દઉં વગેરે. પણ માંડ બેચાર વર્ષ પણ ન નીકળ્યા હોય અને સાસુજી પોતાના ચમકારા બતાવવાનું શરૂ કરી દે છે. દીકરી ગણીને સ્વીકારવાની વાત કરનાર આ સાસુને તેની વહુ ગમતી પણ નથી હોતી. વખાણ કરવાની વાત તો એકબાજુ પર મૂકીએ પણ વહુના દરેક કામમાં ખાંચા શોધવાની એકપણ તક સાસુમા જવા દેતા નથી. આમ બનવા પાછળના અનેક કારણો છે, પણ મુખ્ય કારણોમાં ઘરમાં કોનું કહેવું થાય ? સામાન્ય બાબતમાં પણ જો પોતાની માન્યતા મુજબનું ન થાય તો તરત જ એકબીજા અન્યને નીચા પાડવાનો પ્રયત્ન કરે છે. પરિણામ સ્વરૂપ  બંનેને એકબીજા માટે માન રહેતું નથી. બંને પોતાના પતિઓને ફરીયાદ કરે છે. જેને કારને સસરાને વહુ માટે અને દીકરાને મા માટે થોડોઘણો અણગમો ઉત્પન્ન થાય છે. અંતે ઘરમાં વારંવાર ઝગડા-કંકાસ શરૂ થઇ જાય છે અને શાંતિ ઘર છોડીને ભાગી જાય છે. જો થોડી સમજ દાખવવામાં આવે તો આવી ઘટનાપર કાબૂ મેળવી શકાય છે.

આમ જોવા જઇએ તો ઘરના મોભી-વડિલ સાસુ જ કહેવાય. જેથી ઘરની શાંતિ અને પ્રગતિની જવાબદારી તેમના પર જ આધાર રાખે છે. સાસુ અને વહુએ નક્કી કરવાનું થાય કે ઘરમાં શાંતિ જોઇએ છે કે પોતાનો વટ – પોતાની માન્યતા ? ઘરની પ્રગતિ જોઇએ છે કે સમાજમાં ઘરની ખરાબ છાપ ? સ્વાભાવિક ચે કે સૌ સારી બાબતની જ અપેક્ષા રાખશે, પણ તે માટે કરવા જોઇતા પ્રયત્નો નથી કરતા. ઘરમાં સાસુવહુના ઝગડાને કારણે ઘરની એકપણ વ્યક્તિ શાંતિથી ઊંઘી પણ શકતી નથી. ત્યારે સાસુ વહુએ એકબીજાને માફ કરી દેવા જોઇએ. સાસુવહુના સંબંધોમાં તીરાડ પાડનાર કોઇ હોય તો તે છે – જીભ. જો જીભ સારી રાખવામાં આવે, એકબીજાને પસંદ હોય તેવું બોલવું જોઇએ, પણ જો એમ ન કરી શકતા હોવ તો વાંધો નથી, પણ એકબીજા ને ના ગમતું બોલવાનું બંધ થાય તો પણ ઘણું છે. દરેક સાસુને પણ ભૂતકાળમાં

કોઇ સાસુ તો હતી જ. ત્યારે દરેક સાસુએ વિચારવું જોઇએ કે, મારી સાસુના કયા વર્તન મને ગમતા ન હતા ? તેવા વર્તનો પોતાની વહુ સાથે ન કરો. સાથે એ પણ વિચારો કે મારી સાસુની કઇ બાબત મને ગમતી હતી ? તેવી બાબતો વારંવાર કરો. આજે દરેક સાસુ પોતાની દીકરીની ચિંતા કરે ચે, તેની અડધી ચિંતા જો પોતાની વહુની કરે તો જે તે ઘર ખૂબ જ પ્રગતિ પામે. પોતાની દીકરી માટે તેના સાસ્યિા પાસેથી અપેક્ષા રાખતી સાસુઓ તેવી બાબતો પોતાની વહુ માટે કેમ નથી કરતી ? દરેક સાસુ જે અપેક્ષા પોતાની દીકરી માટે રાખે છે, તે અપેક્ષાઅપ પોતાની વહુને સંતોષે તો વહુ જે તે સાસુની પૂજા કરતા પણ નહીં અચકાય. દીકરી લાવવી અને દીકરી આપવી એ બંનેમા મોટો તફાવત છે, જે તફાવત જેટલા પ્રમાણમાં પૂરાય તેટલા પ્રમાણમાં સાસુવહુના સંબંધો મીઠાશ ભર્યા બનશે. આજે તો ઘરમાં વહુ આવી એટલે ઘરના કામકાજ વહુ પર છોડી દેવામાં આવે છે. ગરમાં ગમે તેટલા પ્રમાણમાં કામ હોય તો પણ સાસુમા તો ઓટલા પર બેઠાબેઠા પાણમિંગાવશે કે નવાનવા ઓર્ડર જ કરશે. સાસુના આવા વર્તનથી વહુના મનમાં સાસુનું માન-મર્યાદા ઘટે છે. હકીકતમાં સાસુ એ પણ વહુને થાય તેટલી મદદ કરવી જ જોઇએ. જો સાસુ આજે વહુને મદદ નહીં કરે તો ભવિષ્યમાં તે વહુ સાસુને મણ મદદ નથી જ કરવાની. તે વખતે વહુ સાસુનું સાંભળશે પણ નહીં. પસ્તાવાનો વારો સાસુનો જ આવવાનો છે. માટે જ ભવિષ્યમાં પસ્તાવું ન હોય, ઘરમાં શાંતિ રાખવી હોય, ઘરને પ્રગતિના પંથે લઇ જવું હોય તો દરેક ઘરમાં સાસુવહુના સંબંધો મીઠાં રાખવા જ પડશે. અને આ માટે કરવા જોઇતા પ્રયત્નો કોઇ કરે તો એ ઉપકાર નથી કરતા પણ પોતાની ફરજ યોગ્ય રીતે બજાવે છે તેમ કહેવાય.

હા... કેટલાક અંશે સંતોષ આપનાર બાબત હમણાં હમણાં જોવા મળે છે, અને તે છે આજના આધુનિકયુગની આધુનિક સાસુ પોતાની વહુને દીકરીની જેમ નહીં, પણ મિત્રની જેમ રાખે છે. બંને સાથે ખરીદી કરવા જાય, પિક્ચર જોવા જાય, બહારથી નાસ્તો લાવીને સાથે જ કરે વગેરે. આવી જ રીતે બંને વેવાઇ અને વેવાણ જો એકબીજા સાથે સારી રીતે રહે, મિત્રની જેમ વર્તન કરે તો તેની અસર બંનેના ઘરના સભ્યો પર હકારાત્મક જોવા મળશે. ક્યારેય કોઇ વેવાઇએ સામેના વેવાઇનો કોઇપણ બાબત માટે વાંક ન કાઢવો જોઇએ. કદાચ કોઇ પક્ષ તરફથી કોઇ બાબત ભૂલાઇ ગઇ હોય તો તેને ઇરાદો  ન સમજતા, એ બાબત ભૂલાઇ ગઇ હશે તેમ માનીને આગળ વધાવામાં બંને કુટુંબને ફાયદો છે.